અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ સંકુલ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૧૪

ઓફીસ : ૦૭૯-૨૭૫૪ ૫૦૫૧- ૫૪, ફેક્સ: ૦૭૯-૨૭૫૪ ૫૦૬૧

ઈ-મેઈલ: auda_urban@yahoo.co.in વેબ સાઈટ : www.auda.org.in

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકના પાર્કિંગનીજગ્યાઓમાં પે એન્ડ પાર્કનાં ધોરણે જાહેર જનતાની સગવડ માટે વાહન પાર્કિંગનો કોન્ટ્રાક્ટ આપવા અંગેની ટેન્ડર કમ હરાજીની જાહેરાત.

અ નં.	ટેન્ડર નં.	પ્લોટની વિગત			પાર્કિંગની અંદાજીત ક્ષમતા		વાર્ષિક અપસેટ વેલ્યુ(રૂ.માં)	અર્નેસ્ટમની ડીપોઝીટ(રૂ.માં)	સિક્યુરિટી ડિપોઝિટ (રૂ.માં)
		ટી. પી. એસ નં. અને નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ	ટુ વ્હીલર	ફોર વ્હીલર			
A	B	C	D	E	F	G	H	I	J
1	AUDA/Parking /1/2026-27	૧૧૧- નિકોલ-કઠવાડા	૧૯૫	૧૪૩૭	૫૮	૩૧	૧,૧૩,૨૫૦/-	૨૫,૦૦૦/-	૧,૫૦,૦૦૦/-
2	AUDA/Parking /2/2026-27	૩૭ – થલતેજ	૧૬૫	૬૦૦૦	૪૧૯	૧૯૨	૭,૪૬,૨૫૦/-	૧,૦૦,૦૦૦/-	૪,૦૦,૦૦૦/-
3	AUDA/Parking /3/2026-27	૭૨ – ઝુંડાલ	૧૩૩	૫૬૭૨	૨૫૧	૧૩૪	૪,૮૯,૭૫૦/-	૭૫,૦૦૦/-	૩,૫૦,૦૦૦/-
4	AUDA/Parking /4/2026-27	૭૨ – ત્રાગડ – ઝુંડાલ	૧૧૯	૧૨૭૮૪	૯૫૧	૨૦૭	૧૧,૭૯,૦૦૦/-	૧,૦૦,૦૦૦/-	૪,૦૦,૦૦૦/-

- ટેન્ડર ફોર્મ સત્તામંડળની વેબસાઈટ www.auda.org.in પરથી ડાઉનલોડ કરવાની તા.૦૭/૧૧/૨૦૨૬થી તા.૩૦/૧૧/૨૦૨૬ દરમ્યાન ડાઉનલોડ કરી શકાશે. (કચેરીના કામકાજના દિવસો દરમ્યાન).
- ટેન્ડર ફોર્મ પરત કરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૨૬નાં રોજ ૧૫.૩૦ કલાક સુધી.
- અનુક્રમ નં.૧ થી ૪નાં ટેન્ડર ફોર્મની કિંમત રૂ.૧,૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાચસો પૂરા) ટેન્ડર ફોર્મ સાથે બિડવાનું રહેશે.
- ઉપરોક્ત દર્શાવેલ વિગતો મુજબ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ડી.ડી./પે ઓર્ડર સ્વરૂપે), પ્રત્યેક ટેન્ડર દીઠ અલગ ટેન્ડર ફોર્મ ભરી તેની સાથે બિડવાની રહેશે.

- ટેન્ડર ફોર્મ સુવાચ્ય અક્ષરે તથા અરજદારશ્રીના/ટેન્ડરરના નામ, સરનામા સાથેની તેમજ મોબાઈલ નંબર સાથેની સંપૂર્ણ વિગતો ભરીને આધારકાર્ડ નંબર, પાનકાર્ડ નંબર તથા કેન્સલ ચેકની વિગતો સહિત રજુ કરવાના રહેશે.

-સહી-
એસ્ટેટ અધિકારી
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ

ક્રમાંક:ઔડા/એસ્ટેટ/
તા.૦૫/૧૧/૨૦૨૬

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪

Email: info-auda@gujarat.gov.in Web Site: www.auda.org.in

Phone : - 079 - 27545051-54 Fax: - 079 – 27545061

ટેન્ડર નં. :- AUDA/Parking/1 to 4/2026

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકના સામેલ પત્રક-"બ" મુજબના પાર્કિંગની જગ્યાઓમાં "પે એન્ડ પાર્ક" નાં ધોરણે જાહેર જનતાની સગવડ માટે વાહન પાર્કિંગનો કોન્ટ્રાકટ માટેની ઓફર અંગેનું એકરારનામું

હું નીચે સહી કરનાર.....,

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની હસ્તકની જગ્યા (પાર્કિંગનું સ્થળ) : .....,

અમદાવાદ ઉપર "પે એન્ડ પાર્ક"ના ધોરણે પાર્કિંગનો કોન્ટ્રકટ આપવા માટે જે ટેન્ડર કમ હરાજીથી ઓફરો મંગાવેલ છે. તેના અનુસંધાનમાં પાર્કિંગનો ૦૨ (બે) વર્ષ માટેનો કોન્ટ્રકટ લેવા માટે વાર્ષિક લાયસન્સ ફી ની રકમ પેટે રૂ....., અંકે રૂપિયા ....ની ઓફર આપું છુ.

સદરહુ ટેન્ડર સાથે ટેન્ડર ફોર્મની કિંમત પેટે રૂ.૧,૦૦૦, અંકે રૂપિયા એક હજાર પુરાનો ..... બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. .....તા. ....., નો સામેલ કરેલ છે. તથા ટેન્ડર ફીની કિંમત પેટે રૂ.૧,૫૦૦, અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરાનો ..... બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. .....તા. ....., તેમજ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ પેટે રૂ....., અંકે રૂપિયા .... પુરાનો ..... બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. .....તા. .....નો સામેલ કરેલ છે.

આ ટેન્ડર ફોર્મમાં જણાવેલ ટેન્ડર કમ હરાજીની તમામ શરતો મે પુરેપુરી વાંચી છે અને સમજી છે અને તે પ્રમાણે વર્તવાની હું બાંહેધરી આપું છુ. અને પરવાનો લેવા સારૂ બંધાઉં છુ.

.....

ટેન્ડર ભરનારની સહી

ટેન્ડર ભરનારનું નામ અને સરનામું:

નામ:.....

સરનામું :.....

.....

ફોન નં. (રહે).....(મો.).....

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪

Email: info-auda@gujarat.gov.in Web Site: www.auda.org.in

Phone : - 079 - 27545051-54 Fax: - 079 - 27545061

ટેન્ડર નં.:- AUDA/Parking/1 to 4/2026-27

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની માલિકીની સામેલ પત્રક"બ" મુજબની પાર્કિંગની જગ્યામાં "પે એન્ડ પાર્ક"નાં ધોરણે જાહેર જનતાની સગવડ માટે વાહન પાર્કિંગનો કોન્ટ્રાકટ માટેની ઓફર અંગેનું

ટેન્ડર ફોર્મ અને શરતો

ટેન્ડર ફોર્મની કિંમત: રૂ ૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)

ટેન્ડર મોકલવાનું સ્થળ: **અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, સરદાર વલ્લભભાઇ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ – ૩૮૦૦૧૪**

ટેન્ડર સ્વીકારવાની તારીખ : તા.૩૦/૧૧/૨૦૨૬નાં રોજ ૧૫.૩૦ કલાક સુધીમાં **અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, સરદાર વલ્લભભાઇ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ – ૩૮૦૦૧૪** ખાતે સ્વીકારશે.

ટેન્ડર કમ હરાજીની કાર્યવાહી:- **ઓડિટોરિયમ હૉલ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ,સરદાર વલ્લભભાઇ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ** ખાતે તા.૨/૧૨/૨૦૨૬ના રોજ ૧૨.૦૦ કલાકે શરૂ કરવામાં આવશે.

અ.નં.	ટેન્ડરની વિગતો	પરવાનાની મુદત	અપસેટ વેલ્યુ (વાર્ષિક લાયસન્સ ફી)રૂ.
૧	ટેન્ડર નં AUDA/Parking/1 to 4/2026-27 વાળી સત્તામંડળની માલિકીના પાર્કિંગની જગ્યા (સ્થળ:પત્રક-'બ' મુજબ)માં પે એન્ડ પાર્કનાં ધોરણે (પત્રક-'બ' મુજબ) જાહેર જનતાની સગવડ માટે વાહન પાર્કિંગનો પરવાનો આપવા બાબતે.	૨ વર્ષ	રૂ. ..... **(પત્રક -'બ' માં જણાવ્યા મુજબ)**

ટેન્ડરની શરતો:

૧. ટેન્ડર ફોર્મ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની વેબસાઈટ www.auda.org.in ઉપરથી ડાઉનલોડ કરીને ભરવાના રહેશે. ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ફોર્મની કિંમત પેટે રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. જે નોન રીફંડેબલ છે.

૨. દરેક ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં તા.૩૦/૧૧/૨૦૨૬ ના રોજ સાંજે ૧૫.૩૦ કલાક સુધીમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના ટેન્ડર ઓફિસરને પહોંચતું કરવાનું રહેશે. ત્યાર પછી મળેલા ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહી. ટેન્ડરના કવર ઉપર "(ટેન્ડર નંબર/ પાર્કિંગની જગ્યાનું નામ/સ્થળ)" પે એન્ડ પાર્ક માટેનું ટેન્ડર તેમ સ્પષ્ટ લખવું.

૩. ટેન્ડર ફોર્મ સાથેના પત્રક “બ”માં જે તે જગ્યા સામે દર્શાવ્યા મુજબની અર્નેસ્ટમની ડીપોઝીટની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ /પે ઓર્ડર, " અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ"ના નામનો ટેન્ડર ભરનારે સામેલ કરવાનો રહેશે. ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની ડીપોઝીટના ડીમાન્ડ ડ્રાફ્ટ સિવાયનું ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૪. જે ઓફરદારના નામે ટેન્ડર ભરાયેલ હોય, તે ઓફરદાર સ્વયં કે તેઓ દ્વારા અધિકૃત કરાયેલ પ્રતિનિધિ જ ટેન્ડર કમ હરાજીમાં ભાગ લઈ શકશે. અન્ય કોઇ વ્યકિત હરાજીમાં સીધો ભાગ લઈ શકશે નહી. અધિકૃત કરાયેલ પ્રતિનિધિના કિસ્સામાં ઓથોરીટી લેટર તથા ઓળખપત્ર હરાજી દરમ્યાન સાથે રાખવાનું રહેશે.

૫. ટેન્ડરમાં આવેલ ઓફરો પૈકી જે મહત્તમ ઓફર હશે, તેની ઉપર હરાજીમાં ભાગ લેનારે બોલી બોલવાની રહેશે. દરેક બોલી વખતે મિનિમન બોલી રૂપિયા ૫૦૦૦/-ના ગુણાંકમાં બોલવાની રહેશે.

૬. ટેન્ડરમાં કોઈ શરત મુકવાની નથી. શરતી ટેન્ડરફોર્મ રદ્દ કરવામાં આવશે.

૭. પરવાનાની મુદ્દત ૨-વર્ષની રહેશે અને જે તારીખે કબજો સોપવામાં આવશે તે તારીખથી ૨-વર્ષ ગણવામાં આવશે.

૮. ટેન્ડર સાથે સામેલ "પત્રક-બ”માં જે તે જગ્યા સામે દર્શાવ્યા મુજબની અપસેટ વેલ્યુ(મીનીમમ વાર્ષિક લાયસન્સ ફી) દર્શાવવામાં આવેલ છે. તેનાથી ઓછી રકમની ઓફર સ્વીકારવામાં આવશે નહિ.

૯. વાહન પાર્કિંગ અંગે લેવાની ફીનું ધોરણ સામેલ પત્રક "અ" મુજબનું રહેશે. સદરહુ પાર્કિંગના દરો GST સાથેના છે. જેમાં દર્શાવેલ પાર્કિંગ ફી ના ધોરણ ટેન્ડરમાં દર્શાવેલ મુદ્દત દરમ્યાન અમલમાં રહેશે. તેમાં કોઇ વધારો કરી શકાશે નહી. તથા નાગરિકો પાસેથી અલગથી GST વસૂલી શકાશે નહી. પાર્કિંગ કરવા માટે નક્કી કર્યા કરતાં વધુ ચાર્જ/ફી વસૂલ નહી કરવાની શરતે પરવાનો આપવામાં આવે છે.

૧૦. આ નક્કી કરેલ જગ્યાએ યોગ્ય રીતે વાહનો પાર્ક કરાવવાના રહેશે તથા પરવાનેદારે પાર્કિંગની જગ્યાએ ઓળખપત્ર સાથેના પોતાના માણસો રાખવાના રહેશે. તથા પરવાનેદારે તેઓના નામ, ફોટો વિગેરે વિગત ધરાવતાં ઓળખપત્ર આપવાના રહેશે. પાર્કિંગ માટે આવતાં નાગરિકો સાથે સંયમ અને વિનયપૂર્વક વ્યવહાર કરવાનો રહેશે.

૧૧. પરવાનેદાર આ પરવાનો કોઈ પણ વ્યક્તિને ટ્રાન્સફર કરી શકશે નહી.

૧૨. વાહન પાર્કિંગ ફી અંગેની પહોંચ દરેક વાહન પાર્ક કરનારને આપવાની રહેશે. આ પહોંચ નક્કી કરેલ શરતે આપવાની રહેશે. તેમજ જાહેર જનતા દૂરથી જોઇ શકે તે પ્રમાણે વાહન પાર્કિંગ ફીના ધોરણ દર્શાવતું બોર્ડ સ્થળે રાખવાનું રહેશે. અને કાયમી ધોરણે નિભાવવાનું રહેશે.

૧૩. આ જગ્યાની સફાઈ અને સાચવણીની તેમજ રીપેરીંગની જવાબદારી પરવાનેદારની રહેશે. ગેટના રીપેરીંગ તથા જાળવણીની જવાબદારી પરવાનેદારની રહેશે. જગ્યાનો કબજો સોંપ્યા બાદ તમામ

પ્રકારની વ્યવસ્થા કે સુવિધા ઓફરદારે જાતે સ્વખર્ચે કરવાની રહેશે. પાર્કિંગવાળી જગ્યા પર લાઈટ/પ્રકાશની પુરતી વ્યવસ્થા પરવાનેદારે પોતાના ખર્ચે કરવાની રહેશે

૧૪. સ્થળ પર પરવાનેદારે પાર્કિંગ જગ્યા માર્ક કરવાની રહેશે. સ્થળે આવેલાં વૃક્ષો કાપી શકાશે નહીં.

૧૫. સમગ્ર "પે એન્ડ પાર્ક" ચલાવવા અંગેની કાર્યવાહી કરવા 'થર્મલ પ્રિન્ટર' પૂરતા પ્રમાણમાં પરવાનેદારે સ્વખર્ચે લાવવાના રહેશે અને તે આધારે ટોકન પહોંચો આપવાની રહેશે. વાહન પાર્કિંગ અંગે આપવામાં આવનારા ટોકન પહોંચો વિગેરેની વ્યવસ્થા પરવાનેદારે પોતાના સ્વખર્ચે રાખવાની રહેશે. વધુમાં સમગ્ર "પે એન્ડ પાર્ક" ચલાવવા અંગેની કાર્યવાહી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પાર્કિંગ માટે જો કોઈ મોબાઈલ એપ્લિકેશન ડેવલપ કરવામાં આવે તો તેના માધ્યમથી પરવાનેદારે કરવાની રહેશે તથા તે એપ્લીકેશનને સપોર્ટ કરતા સાધન પૂરતા પ્રમાણમાં પરવાનેદારે સ્વખર્ચે લાવવાના રહેશે અને તે આધારે ટોકન પહોંચો આપવાની રહેશે.

૧૬. પાર્કિંગ માટે નિયત કરેલ જગ્યાએ નિયત માત્રામાં જ વાહનો પાર્કિંગ કરી શકાશે. તે સિવાયની જગ્યા પાર્કિંગ માટે વાપરી શકાશે નહી. આ સમગ્ર જગ્યાની માલિકી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની છે.

૧૭. ચાલુ હાલતમાં હોય તેવા જ વાહનો પાર્ક કરી શકાશે. બંધ વાહનો પાર્ક કરી શકાશે નહિ. લારી કે હાથલારી પાર્ક કરી શકાશે નહી. તથા વાહનોના પાર્કિંગ સિવાય અન્ય કોઇપણ પ્રકારે જગ્યાનો ઉપયોગ કરી શકાશે નહી.

૧૮. પાર્કિંગની જગ્યા પર પરવાનેદાર કોઈ પણ પ્રકારનું બાંધકામ કરી શકશે નહી.

૧૯. પાર્કિંગમાં પાર્ક થયેલ વાહનોમાં કોઇપણ પ્રકારનો ધંધો જેવો કે કેસેટ વેચાણ, પાન પાર્લર, ખાદ્ય કે અન્ય વસ્તુઓનું વેચાણ કરી શકાશે નહી કે તે પ્રકારના વાહનો પાર્ક કરવા દેવામાં આવશે નહી.

૨૦. ટેન્ડર મંજૂર કર્યેથી નિયમાનુસારની લાયસન્સ ફી ની રકમ જમા કરાવ્યા બાદ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ પરત આપવામાં આવશે.

૨૧. ઓફરદારને ફાળવેલ ટેન્ડર જો સ્વીકારવાની ના પાડે તો અર્નેસ્ટમની ડીપોઝીટ પેટેની રકમ જપ્ત કરવામાં આવશે.

૨૨. ટેન્ડર મંજૂર થયાની જાણ કરેથી ૧૦ દિવસમાં પરવાનેદારે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ના એસ્ટેટ ખાતે સિક્યુરિટી ડીપોઝીટ પેટે વાર્ષિક ઓફરની ૧૫% રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડરથી ભરવાની રહેશે.

૨૩. ટેન્ડરનો પરવાનો આપ્યા બાદ જ બાકી રહેતા ઓફરદારોની અર્નેસ્ટમની ડીપોઝીટ પેટેની રકમ પરત આપવામાં આવશે.

૨૪. ટેન્ડર મંજૂર થયાની લેખિત જાણ કર્યા તારીખથી,

(અ) દિન -૧૦(દસ) માં એક વર્ષની લાયસન્સ ફી ની ૫૦% રકમ એડવાન્સ જમાં કરાવવાની રહેશે.

(બ) પ્રથમ છ માસની લાયસન્સ ફી જમા થયાના છ માસમાં બાકી લાયસન્સ ફી જમા કરાવવાની રહેશે.

નિયત સમયમાં લાયસન્સ ફી ભરવામાં નહી આવે તો પરવાનો રદ્દ કરવામાં આવશે.

૨૫. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની જગ્યાને કોઈ પ્રકારે નુકશાન થશે તો તે સિક્યુરિટી ડીપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે. અને તેમ છતાં બાકી રહેતી રકમ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ પરવાનેદાર પાસેથી કાયદેસરના પગલા લઈ વસુલ કરી શકાશે.

૨૬. લાગુ પડતા હોય તે તમામ સરકારી/અર્ધ સરકારી વેરા તથા જીએસટી વિગેરે કરવેરા પરવાનેદારે ભરવાના રહેશે.

૨૭. પાર્કિંગની જગ્યામાં પરવાનેદારે વાહનો સરળતાથી અવરજવર કરી શકે તથા વાહનોની અવરજવરથી ટ્રાફિકમાં અડચણ ન થાય તે રીતે વાહનો પાર્ક કરાવવાના રહેશે.

૨૮. પરવાનેદારે નિયત અવધિ પહેલાં પરવાનો છોડવો હશે તો પરવાનો છોડવાના ત્રણ માસ પહેલાં લેખિત જાણ કરવાની રહેશે. અને પરવાનો છોડતાં પહેલા પુરેપુરી લાયસન્સ ફી પરવાનેદારે મ્યુ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળમાં ભરેલી હોવી જોઈએ. જે કોઇપણ સંજોગોમાં પરત મળશે નહી તથા સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૯. પાર્કિંગ માટેની કુલ જગ્યામાંથી ૪૦% જગ્યા 'પાર્કિંગ પરમીટ' માટે અનામત રાખવાની રહેશે. જો કોઈ અરજદાર 'પાર્કિંગ પરમીટ' માટે માંગણી કરે તો "પાર્કિંગ પરમીટ" માટે અનામત રાખેલ જગ્યામાં પર્વતમાન દરના ૧૨ કલાક માટેના દર ગણીને માસિક/ત્રિમાસિક/૬ માસિક/વાર્ષિક ધોરણે "પાર્કિંગ પરમીટ" આપવાની રહેશે. પરંતુ જો પાર્કિંગ પરમીટ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં સામાન્ય લોકોના પાર્કિંગ માટે તે જગ્યા વાપરી શકાશે.

૩૦. પરવાનેદાર દ્વારા પાર્કિંગ વાળી જગ્યામાં વાહનોની સંપૂર્ણ જવાબદારી નિભાવવાની રહેશે. વાહનના ઇન્સ્યોરેન્સ ક્લેમની જવાબદારી પરવાનેદારની રહેશે. જેમ કે વાહનને આગ લાગે, તોફાન થાય, વાહન ચોરી થાય કે અન્ય કોઇપણ નુકશાન થાય તો તેની જવાબદારી પરવાનેદારે ભોગવવાની રહેશે. જે અંગે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની કોઇપણ જવાબદારી રહેશે નહી.

૩૧. સદરહુ પાર્કિંગની નિયત જગ્યામાં કોઈ એક ગાળામાં ઈલેક્ટ્રીક વ્હીકલ ચાર્જીંગ સ્ટેશનની સુવિધા ઉભી કરવાની રહેશે. તે અંગેના દરો સરકારશ્રીના સંબંધિત વિભાગના ધારા ધોરણના આધારે નક્કી કરવાના રહેશે. અને તે અંગે જે કોઈ પરવાનગી મંજૂરીની જરૂર પડે તે પરવાનેદારે સ્વખર્ચે મેળવવાની રહેશે. તથા આગ સલામતી સુરક્ષાની જવાબદારી પરવાનેદારની રહેશે. તથા તે માટે જરૂરી જે કોઈ NOC/મંજુરી મેળવવાની હોય તે પરવાનેદારે મેળવવાની રહેશે. તથા NOC/મંજુરીની શરતોના પાલન તથા તે માટેની જરૂરી વ્યવસ્થા પરવાનેદારે કરવાની રહેશે. ઈલેક્ટ્રીક વ્હીકલ ચાર્જીંગ સ્ટેશન માટે વીજ કનેક્શન પરવાનેદારે સ્વખર્ચે મેળવવાનું રહેશે. તથા તે અંગે ઔડાની સંમતિ રહેશે. પરંતુ વીજ કનેક્શન કે તેના બીલ વગેરેની જવાબદારી પરવાનેદારની રહેશે. તે અંગે સત્તામંડળની કોઈ જવાબદારી રહેશે નહી.

૩૨. પાર્કિંગ ફી મુક્તિ અન્વયે ભવિષ્યમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રી સૂચવે/નિર્ણય મુજબ નીતિ લાગુ કરવાની રહેશે.અને તે માન્ય રાખવાની અને બંધનકર્તા રહેશે.

૩૩. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળને જરૂર જણાયે મુખ્ય કારોબારી અધિકારીશ્રીના હુકમથી દિન-૧૫(પંદર)ની નોટીસ આપી પ્લોટના કોન્ટ્રકટનો અંત લાવી શકશે. તથા તેનો કબજો મેળવી શકશે.

૩૪. ટેન્ડર મંજૂર કરવું કે નહી તે અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે. કોઇપણ જાતનું કારણ આપ્યા વિના મુખ્ય કારોબારી અધિકારીશ્રી ટેન્ડર નામંજૂર કરી શકશે.

૩૫. પરવાનેદારે ટેન્ડરની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોઈ પણ શરતોનો ભંગ થશે તો મુખ્ય કારોબારી અધિકારીશ્રી પરવાનો રદ્ કરશે અને ભરેલી સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૩૬. ઉપરોક્ત શરતોના અર્થઘટન બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે. આ ઠરાવ બાબતમાં કોઈ વાદ વિવાદ ઉપસ્થિત થશે તો મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને સૂચના બંધનકર્તા રહેશે.

૩૭. કોઇપણ કાયદાકીય પ્રશ્ન માટે ન્યાયિક ક્ષેત્ર અમદાવાદ રહેશે.

૩૮. ઉપર મુજબની શરતો અને બોલીઓમાં સંદિગ્ધતા જણાયે લેન્ડ ડીસ્પોઝલ પોલિસીમાં સમાવિષ્ટ હોય તે બાબતે પોલીસનું અર્થઘટન આખરી ગણાશે. તે સિવાયની બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ ચેરમેનશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

ટેન્ડરની ઉપરોક્ત તમામ શરતો મેં વાંચી છે અને તે મને કબુલ/મંજૂર છે. તથા શરતો પ્રમાણે વર્તવાની હું આથી વૈખિત બાંહેધરી આપું છું.

તારીખ :

ઓફરદારની સહી

નામ:

ઉમર:-

સરનામું..

મો. નં.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકના નીચે દર્શાવ્યા મુજબ પ્લોટમાં/ પ્લોટની જગ્યામાં “પે એન્ડ પાર્ક”ના ધોરણે પાર્કિંગનો કોન્ટ્રાક્ટ આપવા માટેની જગ્યાઓની વિગતો દર્શાવતું

પત્રક – ‘બ’

અ નં.	ટેન્ડર નં.	પ્લોટની વિગત			પાર્કિંગની અંદાજીત ક્ષમતા		ટેન્ડર ફી	વાર્ષિક અપસેટ વેલ્યુ (રૂ.માં)	અર્નેસ્ટમની ડીપોઝીટ (રૂ.માં)	સિક્યુરિટી ડિપોઝિટ (રૂ.માં)	ગૂગલ લોકેશન	Latitude - Longitude
		ટી. પી. એસ નં. અને નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ	ટુ વ્હીલર	ફોર વ્હીલર						
A	B	C	D	E	F	G	H	I	J	K	L	M
૧	AUDA/Parking /2/2026-27	૧૧૧- નિકોલ-કઠવાડા	૧૯૫	૧૪૩૭	૫૮	૩૧	૧૫૦૦/-	૧,૧૩,૨૫૦/-	૨૫,૦૦૦/-	૧,૫૦,૦૦૦/-	https://maps.app.goo.gl/Gf65Mvbuad7pnS8f9	23.047733, 72.681068
૨	AUDA/Parking /3/2026-27	૩૭ – થલતેજ	૧૬૫	૬૦૦૦	૪૧૯	૧૯૨	૧૫૦૦/-	૭,૪૬,૨૫૦/-	૧,૦૦,૦૦૦/-	૪,૦૦,૦૦૦/-	https://maps.app.goo.gl/dNb9d6SyfqQzusSBA	23.049481, 72.504946
૩	AUDA/Parking /4/2026-27	૭૨ – ઝુંડાલ	૧૩૩	૫૬૭૨	૨૫૧	૧૩૪	૧૫૦૦/-	૪,૮૯,૭૫૦/-	૭૫,૦૦૦/-	૩,૫૦,૦૦૦/-	https://maps.app.goo.gl/Z9NZX27LA9zFEY3v7	23.132196, 72.568191
૪	AUDA/Parking /5/2026-27	૭૨ – ત્રાગડ – ઝુંડાલ	૧૧૯	૧૨૭૮૪	૯૫૧	૨૦૭	૧૫૦૦/-	૧૧,૭૯,૦૦૦/-	૧,૦૦,૦૦૦/-	૪,૦૦,૦૦૦/-	https://maps.app.goo.gl/dvaa7AkVCoJbpfxo8	23.133458, 72.570449